## PROVISIONAL ANSWER KEY

**NAME OF THE POST :**

1) Assistant Professor, Law, Class-II (AYC) (Advt. No. : 61/2016-17)
2) Senior Superintendent Gujarat Education Service, Class-II (AAE) (Advt. No. : 62/2016-17)
3) Assistant Professor, Economics, Class-II (ABF) (Advt. No. : 81/2016-17)
4) Assistant Professor, Accountancy, Class-II (ACG) (Advt. No. : 82/2016-17)
5) Assistant Professor, Electronics, Class-II (ADH) (Advt. No. : 83/2016-17)
6) Assistant Professor, Chemistry, Class-II (AEI) (Advt. No. : 84/2016-17)
7) Assistant Professor, Microbiology, Class-II (AFJ) (Advt. No. : 85/2016-17)
8) Assistant Professor, Statistics, Class-II (AUQ) (Advt. No. : 87/2016-17)

DATE OF PRELIMINARY TEST : 02/04/2017

SUBJECT : SUBJECTIVE (Que. 001 to 100)

Publish Date : 04-04-2017
Last Date to send suggestion(s) :11-04-2017
Note: Candidate must ensure the compliance to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only.

001. ભારતનું સૌથી મોટું બંદર કયું છે ?

(A) વિશાખાપટ્ટનમ (B) તૂતિકોરીન

(C) કલકત્તા (D) મુંબઈ

002. ભારતના કુલ વાવેતર વિસ્તારના કેટલા ભાગમાં ડાંગરનું વાવેતર થાય છે ?

(A) 30% (B) 20%

(C) 25% (D) 32%

003. ભારત વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ અનુક્રમે વિશ્વમાં અને એશિયામાં કયું સ્થાન ધરાવે છે ?

(A) સાતમું, પાંચમું (B) સાતમું, ચોથું

(C) દસમું, પાંચમું (D) દસમું, ચોથું

004. અરવલ્લી શ્રેણીના ક્ષેત્રમાં નાની નાની નદીઓ દ્વારા જે ઉપજાઉ જમીનનું નિર્માણ થાય તેને શું કહેવાય છે ?

(A) ટીંબા (B) રોહી

(C) ઘીયાં (D) દુઆર

005. સરેરાશ 100 સે.મી.થી વધુ વાર્ષિક વરસાદવાળા વિસ્તારમાં નીચે પૈકી કયા પાકની ખેતી કરવામાં આવતી નથી ?

(A) ચોખા (B) શણ

(C) ઘઉં (D) શેરડી

006. ......... નદી ચંબલની એકમાત્ર મુખ્ય સહાયક નદી છે, જે પશ્ચિમમાં અરવલ્લીમાંથી નીકળે છે.

(A) ગોદાવરી (B) કૃષ્ણા

(C) કાવેરી (D) બનાસ

007. યાદી - અ ને યાદી - બ સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| (I) મશીન ટૂલ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા | (1) કોલકત્તા |
| (II) નેશનલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ ફેક્ટરી | (2) રાંચી |
| (III) ઈન્સ્ટ્રુમેન્ટ્સ લિમિટેડ | (3) અજમેર |
| (IV) હેવી એન્જિનીયરીંગ કોર્પોરેશન લિમિટેડ | (4) કોટા |

(A) (I) - (3), (II) - (1), (III) - (4), (IV) - (2)

(B) (I) - (3), (II) - (4), (III) - (1), (IV) - (2)

(C) (I) - (3), (II) - (2), (III) - (1), (IV) - (4)

(D) (I) - (3), (II) - (1), (III) - (2), (IV) - (4)

008. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા સ્થપાયેલ ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (OIL) દેશમાં કાચાતેલ અને કુદરતી ગેસની શોધ, ઉત્પાદન અને પરિવહનના કામની દેખરેખ રાખે છે. એક કંપની રૂપે તેની સ્થાપના ......... માં કરવામાં આવી હતી.

(A) ઈ.સ. 1958 (B) ઈ.સ. 1957

(C) ઈ.સ. 1959 (D) ઈ.સ. 1960

009. લક્ષદ્વિપ અને મિનિકોય ટાપુઓમાં કુલ .......... ટાપુઓ છે અને તે પૈકી .......... ટાપુઓમાં માનવ વસ્તી છે.

(A) 32, 10
(B) 36, 09
(C) 36, 11
(D) 32, 11

010. વર્ષ 2001 થી 2011 ના દસકામાં વસ્તીવૃદ્ધિનો સૌથી ઓછો દર નીચેના રાજ્યો પૈકી કયા રાજ્યનો હતો ?

(A) ગોવા
(B) કેરલ
(C) આંધ્રપ્રદેશ
(D) હિમાચલ પ્રદેશ

011. હુગલી ઔદ્યોગિક પ્રદેશનું કેન્દ્ર નીચે પૈકી કયું છે ?

(A) કોલકાતા - હાવડા
(B) કોલકાતા - મેદનીપુર
(C) કોલકાતા - રિશરા
(D) કોલકાતા - કોન નગર

012. વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં શહેરી વસ્તીનું પ્રમાણ કેટલા ટકા છે ?

(A) 27.21%
(B) 30.55%
(C) 31.16%
(D) 28.97%

013. વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર નીચેના રાજ્યો પૈકી કયા રાજ્યમાં ખ્રીસ્તી ધર્મ પાળનારની સંખ્યા સૌથી વધુ છે ?

(A) નાગાલેન્ડ
(B) મિઝોરમ
(C) મેઘાલય
(D) મણિપુર

014. "નોંગક્રેમ ડાન્સ" (Nongkrem Dance) નો તહેવાર કયા રાજ્યમાં મનાવવામાં આવે છે ?

(A) સિક્કિમ
(B) ત્રિપુરા
(C) મણીપુર
(D) મેઘાલય

015. આદિવાસીઓનો એક તહેવાર - "ભાગોરિયા" (Bhagoriya) છે, જે કયા રાજ્યમાં મનાવવામાં આવે છે ?

(A) મધ્યપ્રદેશ
(B) મણિપુર
(C) આસામ
(D) અરૂણાચલપ્રદેશ

016. "God's own country" એ કયા રાજ્યને સંબંધિત છે ?

(A) ઉત્તરાખંડ
(B) કર્ણાટક
(C) કેરાલા
(D) હિમાચલ પ્રદેશ

017. 'ક' યાદી ને 'ખ' યાદી સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (1) ચાર મિનાર | (i) આસામ |
| (2) ગુરૂ રવિદાસ મેમોરીયલ | (ii) આંધ્રપ્રદેશ |
| (3) નવગ્રહ મંદિર | (iii) મહારાષ્ટ્ર |
| (4) કાન્હરી ગુફાઓ | (iv) પંજાબ |

(A) (1) - (ii), (2) - (i), (3) - (iv), (4) - (iii)
(B) (1) - (ii), (2) - (iv), (3) - (i), (4) - (iii)
(C) (1) - (iii), (2) - (ii), (3) - (iv), (4) - (i)
(D) (1) - (ii), (2) - (iv), (3) - (iii), (4) - (i)

018. કથકલી નૃત્યમાં કેટલી શાસ્ત્રીય કથકલી વાર્તાઓ સમાવિષ્ટ છે ?

(A) 51 (B) 101

(C) 131 (D) 151

019. લોહરી કયા મહિનામાં ઉજવાય છે ?

(A) એપ્રિલ (B) જાન્યુઆરી

(C) જુલાઈ (D) સપ્ટેમ્બર

020. હિન્દુસ્તાન કંઠ્ય સંગીતની જૂનામાં જૂની રચના નીચે પૈકી કઈ છે ?

(A) ઠુમરી (B) ગઝલ

(C) ધ્રુપદ (D) ઉપરના પૈકી એકપણ નહીં

021. રંગોળીને ભારતમાં અલગ અલગ રાજ્યોમાં જુદા જુદા નામે ઓળખવામાં આવે છે. તેની નીચે પૈકી કઈ જોડ સાચી નથી ?

(A) ઐપન - હિમાચલ પ્રદેશ (B) કૌલ્લમ - તમિલનાડુ

(C) મંડના - મધ્યપ્રદેશ (D) રંગાવલી - કર્ણાટક

022. કલારીપયટ્ટુ કઈ કળા સાથે સંકળાયેલ છે ?

(A) નાટ્યકળા (B) નૃત્યકળા

(C) યુદ્ધકળા (D) ચિત્રકળા

023. કોના સમયમાં આબુ પરનો આદિનાથનો ભવ્ય પ્રાસાદ બંધાવાયો હતો ?

(A) ભીમદેવ પહેલો (B) વિસલદેવ

(C) કુમારપાળ (D) દેવસૂરિ

024. ‘ક’ યાદીમાં કૃતિને ને ‘બ’ યાદીમાં દર્શાવેલ સર્જક સાથે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (I) હયાતી | (1) ઝવેરચંદ મેઘાણી |
| (II) આગંતુક | (2) હરીન્દ્ર દવે |
| (III) વિતાન સુદ બીજ | (3) રમેશ પારેખ |
| (IV) કંકાવટી | (4) ધીરુબહેન પટેલ |

(A) (I) - (2), (II) - (4), (III) - (1), (IV) - (3)

(B) (I) - (3), (II) - (4), (III) - (1), (IV) - (2)

(C) (I) - (4), (II) - (3), (III) - (2), (IV) - (1)

(D) (I) - (2), (II) - (4), (III) - (3), (IV) - (1)

025. નીચે દર્શાવેલ પ્રારંભિક (early) ભારતીય શહેરો પૈકી કયા શહેરનો સંબંધિત સંબંધ બુદ્ધના જીવન સાથે ન હતો ?

(A) ચંપા (B) સાકેત

(C) પાટલિપુત્ર (D) કૌસંબી

026. દિવાન-આઈ-કોહી (કૃષિ વિભાગ)ની રચના નીચેના પૈકી કોણે કરી હતી ?

(A) મુહમ્મદ-બીન તુઘલક
(B) અલાઉદ્દીન ખીલજી
(C) ગ્યાસુદ્દીન તુઘલક
(D) ફીરૂઝ તુઘલક

027. ભારતમાં પ્રથમ આધુનિક ટ્રેડ યુનિયન નીચે પૈકી કયું હતું ?

(A) કલાકર્મ યુનિયન, બોમ્બે
(B) એમ.એસ.એમ. રેલ્વે યુનિયન, મદ્રાસ
(C) મદ્રાસ લેબર યુનિયન
(D) ઈન્ડિયશ સીમેન્સ યુનિયન, કલકત્તા

028. અલાઉદ્દીન ખીલજી દ્વારા બંધાવવામાં આવેલ અલાઈ દરવાજા, એ નીચે પૈકી કોનો દક્ષિણ બાજુનો મુખ્ય દરવાજો છે ?

(A) કુતુબ મિનાર
(B) કુવ્વાતુલ ઈસ્લામ મસ્જિદ
(C) ઈલ્તુમીશનો ગુંબજ
(D) ઉપર પૈકી એક પણ નહીં

029. મહિલાઓને સંબંધિત બાબતોમાં રાહત આપવા માટે કયા સુલ્તાને સૌપ્રથમ વખત "Famine Code" બનાવેલ હતો ?

(A) બલ્બન
(B) અલાઉદ્દીન ખીલજી
(C) મુહમ્મદ બિન તુઘલક
(D) ફિરૂઝ તઘલક

030. ઈન્ડો-ઈસ્લામિક સંસ્કૃતિ એ નીચે પૈકી કઈ વૈજ્ઞાનિક શાખાને વધુમાં વધુ લોકપ્રિય (Popularisation) થવામાં મદદ કરી ?

(A) જ્યોતિષ શાસ્ત્ર
(B) તબીબી શાખાની યુનાની પદ્ધતિ
(C) બાગાયત વિદ્યા
(D) ગણિત શાસ્ત્ર

031. મુગલ સામ્રાજ્યના પેટા વિભાગોની ઉતરતા ક્રમમાં ગોઠવણી અનુસાર કયો વિકલ્પ સાચો છે ?

(A) સુબાહ, માક્તા, પરગણા
(B) શીક, મુક્તા, પરગણા
(C) સુબાહ, સરકાર, પરગણા
(D) સુબાહ, આમીલ, સરકાર

032. ઘણા બધા વિદ્વાનો દ્વારા પર્શીયનમાં અનુવાદિત થયેલ "ધી રાજમનામા" (The Razmnama) નીચે પૈકી કોનો અનુવાદ છે ?

(A) રામાયણનો
(B) મહાભારતનો
(C) અથર્વવેદનો
(D) રાજતરંગિણીનો

033. સૌરાષ્ટ્ર સહિત ગુજરાત પર નીચે પૈકી કોણે સર્વોપરિતા (sovereignty) સ્થાપી હતી ?

(A) મુઘલ
(B) મરાઠા
(C) અંગ્રેજો
(D) પેશવા

034. ભારતની ભૂમિ પર પહેલો પોર્ટુગીઝ કિલ્લો ક્યાં બાંધવામાં આવેલ હતો ?

(A) કાલિકટ
(B) ગોવા
(C) કોચી
(D) દિવ

035. પ્રાંતીય ધારાસભાઓ માટેની ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 હેઠળની ચૂંટણીઓ ક્યારે યોજવામાં આવી હતી ?

(A) એપ્રિલ, 1935
(B) માર્ચ, 1936
(C) જુન, 1936
(D) ફેબ્રુઆરી, 1937

036. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1858 ના પ્રારંભ સમયે બ્રિટનમાં સર્વોચ્ચ સંસ્થા (supreme body) કોણ હતું ?

(A) રાણી વિક્ટોરીયા
(B) બ્રિટીશ સાસંદ
(C) બ્રિટીશ સરકાર
(D) ઉપર પૈકી એકપણ નહીં

037. જે અર્થતંત્રમાં ઉત્પાદનના બધા સાધનોની માલિકી માત્ર સરકારની હોય તેવા અર્થતંત્રને શું કહે છે ?

(A) સરકારી અર્થતંત્ર
(B) સમાજવાદી અર્થતંત્ર
(C) જાહેર અર્થતંત્ર
(D) જાહેર ક્ષેત્રના પ્રભુત્વવાળું અર્થતંત્ર

038. કોઈપણ દેશનું ચોખ્ખું સ્થાનિક ઉત્પાદન શોધવા કુલ સ્થાનિક ઉત્પાદનમાંથી શું બાદ કરવામાં આવે છે ?

(A) દેવું
(B) ઘસારો અને સ્ટોક
(C) ઘસારો
(D) ઉપર પૈકી એકપણ નહીં

039. આયાત અને નિકાસના સરવૈયાને શું કહેવામાં આવે છે ?

(A) આયાત-નિકાસ સરવૈયું
(B) ચૂકવણી સમતુલા
(C) ચૂકવણી સરવૈયું
(D) ઉપર પૈકી એક પણ નહીં

040. વર્ષ 2017-18 માટે મહેસૂલી ખાધનો લક્ષ્યાંક કેટલો રાખવામાં આવ્યો છે ?

(A) 1.9%
(B) 2.1%
(C) 2.2%
(D) 2.3%

041. ભારતનો મોટાભાગનો વિદેશ વ્યાપાર કયા માર્ગો દ્વારા સંચાલિત થાય છે ?

(A) જમીન અને સમુદ્ર દ્વારા
(B) જમીન અને હવાઈ માર્ગ દ્વારા
(C) સમુદ્ર અને હવાઈ માર્ગ દ્વારા
(D) સમુદ્ર દ્વારા

042. વર્ષ 2017-18 ના બજેટની સાથે પ્રથમ વખત કયો દસ્તાવેજ રજૂ થયો ?

(A) તમામ રાજ્યોના પ્રદર્શન અને પરિણામ દર્શાવતો સંયુક્ત દસ્તાવેજ (Consolidated Outcome Budget of All States)
(B) તમામ મંત્રાલયના પ્રદર્શન અને પરિણામ દર્શાવતો સંયુક્ત દસ્તાવેજ (Consolidated Outcome Budget of All Ministeries)
(C) તમામ રાજ્યોના રાજકોષીય પ્રદર્શન અને પરિણામ દર્શાવતો સંયુક્ત દસ્તાવેજ (Consolidated Fiscal Outcome of All States)
(D) ઉપરના ત્રણેયનો સંકલિત દસ્તાવેજ

043. બજેટ 2017-18 મુજબ :

(1) નવો મેટ્રો રેલ અધિનિયમ ઘડવામાં આવશે.
(2) આ અધિનિયમમાં સરકારી રેલ્વે કંપનીઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

(A) વિધાન (1) સાચું છે.
(B) વિધાન (2) સાચું છે.
(C) વિધાન (1) અને (2) બંને સાચાં છે.
(D) વિધાન (1) અને (2) બંને ખોટાં છે.

044. નાણાકીય નીતિની દ્વિમાસીક સમીક્ષા (Bi-monthly Monetary Policy Review) પોલીસી કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) નાણાપંચ
(B) ભારત સરકારનું નાણા મંત્રાલય
(C) અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો
(D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

045. "NRE Account" માં E શાને અભિપ્રેત છે ?

(A) Essential
(B) External
(C) Employee
(D) Execlusive

046. કર સુધારણા માટે નીચે પૈકી કઈ કમિટીની રચના કરવામાં આવેલ હતી ?

(A) મલ્હોત્રા કમિટી
(B) જી. વી. રામક્રિષ્ના કમિટી
(C) રાજા ચૈલેયા સમિતિ
(D) આર. વી. ગુપ્તા કમિટી

047. કઈ સમિતિ દ્વારા જથ્થાબંધ ભાવ સૂચકાંક (Wholesale Price Index Numbers) અઠવાડિયાને બદલે માસિક ધોરણે જાહેર કરવા અને ડબલ્યુપીઆઈ શ્રેણીની 435 ચીજવસ્તુને બદલે 1224 ચીજવસ્તુઓનો સમાવેશ કરવો તેવી ભલામણ કરેલ હતી ?

(A) પ્રો. અમર્ત્ય સેન
(B) પ્રો. અભિજીત સેન
(C) ડૉ. વાય. કે. અલઘ
(D) ઉપર પૈકી એક પણ નહીં

048. કિસાન ક્રેડિટ કાર્ડની યોજના વર્ષ 1988-89 માં શરૂ કરવામાં આવેલ હતી. આ યોજનામાં "સ્માર્ટ-કાર્ડ-કમ-ડેબિટ કાર્ડ" ક્યારથી અમલમાં આવેલ છે ?

(A) એપ્રિલ, 2012
(B) એપ્રિલ, 2011
(C) એપ્રિલ, 2015
(D) એપ્રિલ, 2010

049. લઘુમતિઓને અપાયેલા મૂળભૂત હકો કયા અનુચ્છેદમાં વર્ણિત છે ?

(A) અનુચ્છેદ 24 થી 29
(B) અનુચ્છેદ 29 અને 30
(C) અનુચ્છેદ 29 થી 31
(D) અનુચ્છેદ 25 થી 28

050. નીચે પૈકી કઈ રીટ માટે LOCUS Standi (રીટ કરનારનું અંગત હિત જોખમાતું હોય તેવી સ્થિતિ) જરૂરી નથી ?

(A) અધિકાર-પૃચ્છા (ક્વો વોરન્ટો)
(B) બંદી-પ્રત્યક્ષીકરણ (હેબીયસ કોરપસ)
(C) પરમ આદેશ (મેન્ડેમસ)
(D) ઉત્પ્રેષણ (સર્શિયોરરી)

051. દરેક નાગરિકે ભારતની અખંડિતતાનું રક્ષણ કરવું જોઈએ તે મૂળભૂત ફરજ સંવિધાનના કયા ભાગમાં વર્ણિત છે ?

(A) પાંચમા
(B) ચોથા
(C) છઠ્ઠા
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

052. મફત કાનૂની સહાયકની જોગવાઈ સંવિધાનમાં કયા વર્ષે ઉમેરવામાં આવી ?

(A) વર્ષ 1969
(B) વર્ષ 1971
(C) વર્ષ 1976
(D) વર્ષ 1978

053. સ્વાતંત્ર્યના હકની જોગવાઈ સંવિધાનમાં કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 14 થી 18
(B) અનુચ્છેદ 19 થી 22
(C) અનુચ્છેદ 25 થી 28
(D) અનુચ્છેદ 23 થી 24

054. બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ સામે રાજ્યોનું રક્ષણ કરવાની સંઘની ફરજ રહેશે તેવું સંવિધાનના કયા ભાગમાં જણાવાયું છે ?

(A) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(B) મૂળભૂત હકો
(C) મૂળભૂત ફરજો
(D) ઉપર પૈકી એક પણ નહીં

055. 'ક' યાદીને 'ખ' યાદી સાથે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (I) સંસદની રચના | (1) અનુચ્છેદ 124 |
| (II) રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ | (2) અનુચ્છેદ 79 |
| (III) ઉચ્ચતમ ન્યાયાલયની સ્થાપના અને રચના | (3) અનુચ્છેદ 148 |
| (IV) ભારતના નિયંત્રક મહાલેખા પરીક્ષક | (4) અનુચ્છેદ 123 |

(A) (I) - (2), (II) - (4), (III) - (1), (IV) - (3)

(B) (I) - (2), (II) - (4), (III) - (3), (IV) - (1)

(C) (I) - (4), (II) - (2), (III) - (1), (IV) - (3)

(D) (I) - (2), (II) - (3), (III) - (4), (IV) - (1)

056. કઈ જ્ઞાતિઓ, જાતિઓને અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનમતિઓ તરીકે જાહેર કરવી તે બંધારણીય અધિકાર નીચેના પૈકી કોનો છે ?

(A) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ આયોગનો

(B) ભારતના રાષ્ટ્રપતિનો

(C) ભારતના વડાપ્રધાનનો

(D) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના મંત્રીનો

057. પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યામાં વસ્તીના ધોરણે અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવાની કુલ બેઠકોમાં કેટલી બેઠકો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ માટે અનામત રાખવાની સંવિધાનમાં જોગવાઈ છે ?

(A) 1/4 થી ઓછી ન હોય તેટલી
(B) 1/2 થી ઓછી ન હોય તેટલી
(C) 1/3 થી ઓછી ન હોય તેટલી
(D) આવી જોગવાઈ સંવિધાનમાં નથી

058. પંચાયતી રાજની જોગવાઈ સંવિધાનના કયા ભાગમાં કરવામાં આવેલી છે ?

(A) ભાગ - 4
(B) ભાગ - 9
(C) ભાગ - 8
(D) ભાગ - 7

059. ગુજરાત જાહેર સેવા આયોગના કાર્યો વિસ્તારવાની સત્તા કોની છે ?

(A) વિધાનસભા
(B) રાજ્યપાલ
(C) સામાન્ય વહીવટ વિભાગ
(D) મુખ્યમંત્રી

060. સંવિધાનના અનુચ્છેદ 352 અંતર્ગત આજસુધીમાં ભારતમાં કેટલી વખત કટોકટી લાદવામાં આવી છે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

061. જો કોઈ કૂટભાષામાં (Coded Language) માં HYDROGEN ને JCJZYSSD લખવામાં આવે છે, તો એ જ ભાષામાં ANTIMONY ને કયા રૂપમાં લખવામાં આવે ?

(A) CPVKOQPA
(B) CRZQWABO
(C) ERXMQSRC
(D) GTZOSUTE

062. એક વ્યક્તિ પૂર્વ તરફ 7 કિ.મી. ચાલે છે, બાદમાં પોતાની જમણી બાજુ 5 કી.મી. ચાલે છે. ફરીથી પોતાની જમણી બાજુ 7 કિ.મી. ચાલે છે. બાદમાં પોતાની ડાબી બાજુ 2 કિ.મી. ચાલે છે. તો તે પોતાના પ્રસ્થાનબિંદુથી કેટલે દૂર હશે ?

(A) 5 કિ.મી. (B) 12 કિ.મી.

(C) 7 કિ.મી. (D) 14 કિ.મી.

063. X અને Y ભાઈઓ છે. R, Y ના પિતા છે. S, T નો ભાઈ છે અને X ના મામા છે. તો T નો R સાથે શો સંબંધ થઈ શકે ?

(A) માતા (B) પત્નિ

(C) બહેન (D) ભાઈ

064. 1, 2, 3, 14, 5, 34, 7, ....?..... , ....?.....

(A) 68, 7 (B) 63, 9

(C) 60, 11 (D) 62, 9

065. એક વ્યક્તિએ રૂ. 7000 માંથી કેટલીક રકમની વાર્ષિક 6% વ્યાજે લોન આપી અને બાકીની રકમની 4% વ્યાજે લોન આપી. બંને લોન પર પાંચ વર્ષે મળેલ વ્યાજ જો રૂ. 1600 હોય તો તે વ્યક્તિએ 6% વ્યાજે કેટલી રકમની લોન આપી હશે ?

(A) રૂ. 2500 (B) રૂ. 2000

(C) રૂ. 1500 (D) રૂ. 1000

★ નીચે આપેલી માહિતી વાંચીને પ્રશ્ન ક્રમાંક 66 થી 68 ના જવાબ આપો.

(i) આઠ વ્યક્તિઓ E, F, G, H, I, J, K, L એક ચોરસ ટેબલ પર બેઠા છે. દરેક બાજુએ બે વ્યક્તિ બેઠા છે.

(ii) આઠમાંથી ત્રણ સ્ત્રી સભ્યો છે, જેઓ એકબીજાની આજુબાજુ નથી બેઠા.

(iii) L અને F ની વચ્ચે J છે.

(iv) I અને F ની વચ્ચે G છે.

(v) સ્ત્રી સભ્ય H એ J ની ડાબી બાજુએ બીજા ક્રમે બેઠી છે.

(vi) પુરુષ સભ્ય F એ સ્ત્રી સભ્ય E ની એકદમ સામેની બાજુએ બેઠો છે.

(vii) F અને I ની વચ્ચે એક સ્ત્રી સભ્ય છે.

066. નીચેનામાંથી કયુ જુથ ત્રણ સ્ત્રી સભ્યોનું છે ?

(A) EHJ (B) EGJ

(C) GHJ (D) GHE

067. J વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?

(A) J એક પુરુષ સભ્ય છે. (B) J એ એક સ્ત્રી સભ્ય છે.

(C) J ની જાતિ જાણી શકાય તેમ નથી. (D) J નું સ્થાન જાણી શકાય તેમ નથી.

068. E અને H ની વચ્ચે કોણ બેઠેલું છે ?

(A) I (B) J

(C) K (D) F

069. બે ભાગીદારોએ અનુક્રમે રૂ. 50,000 અને રૂ. 70,000 ની મૂડી સાથે ધંધો શરૂ કરેલ છે. બંનેએ સમજૂતી કરેલ છે કે કુલ નફાનો 70% ભાગ બંને સરખા ભાગે વહેંચશે. જ્યારે બાકીનો મૂડીના ગુણોત્તરમાં વહેંચાશે. જો એક ભાગીદારને બીજા ભાગીદાર કરતાં રૂ. 90 વધુ મળેલ હોય તો કુલ નફો કેટલા રૂપિયા થાય ?

(A) રૂ. 1,600 (B) રૂ. 1,900


(C) રૂ. 1,500 (D) રૂ. 1,800

070. જો કોઈ વસ્તુની કિંમત 20% વધારવામાં આવે તો તેના ગ્રાહકે પોતાનો ખર્ચ વધે નહિ તે માટે તે વસ્તુનો ઉપભોગ કેટલા ટકા ઘટાડવો પડે ?

(A) $16\frac{2}{5}\%$ (B) $16\frac{2}{3}\%$

(C) $16\frac{3}{2}\%$ (D) $16\frac{3}{5}\%$

071. નીચે આપેલ કોયડામાં '?' ની જગ્યાએ કયો અંગ્રેજી મૂળાક્ષર આવે ?




(A) K (B) N

(C) L (D) M

072. જો B નો પગાર A ના પગાર કરતાં $42\frac{6}{7}\%$ વધુ હોય તો A નો પગાર B ના કરતાં કેટલા ટકા ઓછો હશે ?

(A) 32.50% (B) 33.33%

(C) 33.50% (D) 30.00%

073. રડારની શોધ સૌપ્રથમ કોણે કરી હતી ?

(A) રોબર્ટ વૉટ્સન (B) ટેલર અને યંગ

(C) હેનરી ટેલર (D) ઉપર પૈકી એક પણ નહીં

074. મિસાઈલ, હવાઈ જહાજ વગેરેની ઝડપ માપવા માટે "મેક (Mach)" એકમનો ઉપયોગ થાય છે. તેના સંદર્ભમાં "મેક-3 (Mach-3)" ની ઝડપ શું સૂચવે છે ?

(A) હવાની ગતિથી ત્રણસો ગણી ઝડપ (B) ધ્વનિની ગતિથી ત્રણસો ગણી ઝડપ

(C) હવાની ગતિથી ત્રણ ગણી ઝડપ (D) ધ્વનિની ગતિથી ત્રણ ગણી ઝડપ

075. ભારત જેનું સભ્યપદ મેળવવા પ્રયત્ન કરી રહ્યું છે તે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ કયા વર્ષમાં સ્થપાયું હતું ?

(A) વર્ષ 1969 (B) વર્ષ 1978

(C) વર્ષ 1974 (D) વર્ષ 1976

076. રક્ષા ક્ષેત્રના સંદર્ભમાં "ખંડેરી" શું છે ?

(A) કિલ્લો (B) સ્વદેશી સબમરીન

(C) રોકેટ (D) વિદેશી સબમરીન ફ્રીગેટ

077. કોલ ગેસિફિકેશન (Coal Gasification) માટે મુખ્યત્વે કયો કોલસો વપરાય છે ?

(A) એન્થ્રેસાઈટ (B) પીટ

(C) બિટુમિનસ (D) લિગ્નાઈટ

078. કેલ્વિન ચક્ર શું છે ?

(A) હરિતકણ ધરાવતી વનસ્પતિમાં સૂર્યપ્રકાશના શોષણ બાદ પ્રકાશની ગેરહાજરીમાં થતી પ્રક્રિયાનું ચક્ર

(B) ખોરાકના પાચનનું ચક્ર

(C) પૃથ્વી પર સમગ્ર ઉષ્માના વહનનું ચક્ર

(D) ઉપર પૈકી એક પણ નહીં

079. નીચે પૈકી કઈ પદ્ધતિ "હાઈડ્રોપોનિક્સ" ખેતીની સાથે સંબંધિત છે ?

(A) વોટર કલ્ચર (B) સેન્ડ કલ્ચર

(C) ગ્રેવલ કલ્ચર (D) ઉપર્યુક્ત ત્રણેય

080. નીચે દર્શાવેલ રોગો પૈકી એવો કયો રોગ છે, જે બેક્ટેરીયાથી પેદા થાય છે ?

(A) પ્લેગ (B) હિપેટાઈટીસ

(C) ઈન્ફ્લૂએન્ઝા (D) અછબડા

081. મેરી સ્કોડોવસ્કા ક્યૂરીને બે નોબેલ પારિતોષિક મળેલ હતા. પહેલું નોબેલ પારિતોષિક ઈ.સ. 1903 માં ભૌતિક વિજ્ઞાનમાં મળેલ અને બીજું નોબેલ પારિતોષિક રસાયણવિજ્ઞાનમાં કયા વર્ષમાં મળેલ હતું ?

(A) ઈ.સ. 1905 (B) ઈ.સ. 1910

(C) ઈ.સ. 1911 (D) ઈ.સ. 1915

082. મોબાઈલ ફોન સેવા શરૂ કરનાર પહેલું ભારતીય શહેર કયું હતું ?

(A) કોલકાતા (B) મુંબઈ

(C) દિલ્હી (D) બેંગ્લોર

083. કપડા પર પડેલ શાહીના ડાઘ દૂર કરવા માટે નીચે પૈકી કોનો ઉપયોગ થાય છે ?

(A) સાઈટ્રિક એસિડ (B) એસીટિક એસિડ

(C) નાઈટ્રિક એસિડ (D) ઓક્ઝેલિક એસિડ

084. ક્લોરોફોર્મના શોધક વૈજ્ઞાનિક જેમ્સ સિમસન કયા દેશના હતા ?

(A) જર્મની (B) ફ્રાંસ

(C) બ્રિટન (D) જાપાન

085. યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ભારતીય માનક બ્યૂરો (BIS) એ સોનાના આભૂષણોના હોલ માર્કિંગ સંબંધી નવો નિયમ તા. 1-1-2017 થી લાગુ કરેલ છે.

(2) તદનુસાર સોનાના ઘરેણા 14 કેરેટ, 18 કેરેટ તથા 22 કેરેટના ઉપલબ્ધ થશે.

(3) 22 કેરેટ માટે 916 તથા 22, 18 કેરેટ માટે 750 તથા 18 અને 14 કેરેટ માટે 858 અને 14 ની મહોર આભૂષણો પર લગાવવામાં આવશે.

(A) વિધાન (1) સાચું છે.
(B) વિધાન (2) સાચું છે.
(C) વિધાન (2) અને (3) સાચા છે.
(D) વિધાન (1), (2) અને (3) સાચા છે.

086. વર્ષ 2017 નો "કાગ એવોર્ડ" નીચેના પૈકી કોને મળેલ નથી ?

(A) મહેશભાઈ ગઢવી
(B) વસંત બાપુ
(C) મેરામણભાઈ
(D) માયાભાઈ આહિર

087. ગુજરાતના નીચે પૈકીના કયા જિલ્લામાં "વિદ્યાસેતુ" પ્રોજેક્ટ શરૂ કરાયો છે ?

(A) ડાંગ
(B) રાજકોટ
(C) વલસાડ
(D) જામનગર

088. ગુજરાતનું કયું શહેર ત્રીજા સ્માર્ટ સીટી તરીકે પસંદગી પામ્યું છે ?

(A) ગાંધીનગર
(B) વડોદરા
(C) સૂરત
(D) રાજકોટ

089. ગુજરાત સરકાર દ્વારા સેવા સેતુ હેઠળ તાલુકા કક્ષાએ નીચે પૈકી કઈ સેવા / સેવાઓ સ્થળ ઉપર જ તાત્કાલિક મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

(A) રેશન કાર્ડ
(B) આવકના દાખલા
(C) મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ
(D) ઉપરની તમામ

090. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના કયા સ્થળે આવેલ ગ્રાઉન્ડ પર તાજેતરમાં પ્રથમ વખત ટેસ્ટ ક્રિકેટ મેચ રમાઈ ?

(A) રાજકોટના રેસકોર્સ ખાતે આવેલ માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ

(B) ખંધેરી ખાતે આવેલ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ

(C) જામનગર ખાતે આવેલ એકમાત્ર સોલાર પાવર્ડ સ્ટેડિયમ

(D) ઉપર પૈકી એક પણ નહીં

091. એશીયન ગેમ્સ, 2014 માં ભારતના કયા ખેલાડીને પિસ્તોલ શૂટીંગમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ હતો ?

(A) ગુરપ્રિત સિંઘ
(B) ગગન નારંગ
(C) અપૂર્વી ચાંડેલા
(D) જીતુરાય

092. તાજેતરમાં BRICS દેશોના પર્યટનમંત્રીઓનું સંમેલન કયા સ્થળે યોજાયું હતું ?

(A) ખજૂરાહો
(B) મુંબઈ
(C) મસૂરી
(D) દિલ્હી

093. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ કાઉન્સિલના વડા તરીકે નીચે પૈકી કોની નિમણૂંક કરવામાં આવી ?

(A) વિવેક દેબરોય
(B) રમેશ ચાંદ
(C) અરૂણ ગોયલ
(D) વી. કે. સારસ્વત

094. ડિસેમ્બર, 2016 માં રૂ. 7100 કરોડની મંજૂરી લશ્કરી સરસરંજામની ખરીદી માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ છે. આ સરસરંજામમાં "સી-17 ગ્લોબમાસ્ટર"નો સમાવેશ થયેલ છે. "સી-17 ગ્લોબમાસ્ટર" શું છે ?

(A) દુનિયાનું સૌથી વિશાળ માલવાહક જહાજ
(B) થ્રીડી રડાર
(C) સબમરીન
(D) રાસાયણિક હથિયાર

095. ભારતના 47 માં આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહ ડિસેમ્બર, 2016 માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ કોને મળેલ છે ?

(A) મિસ્ટર મિરકારિમી
(B) અબ્બાસ કિયારોસ્તામી
(C) બારીસ કાચા
(D) ફરહાદ અસલાની

096. ડિસેમ્બર-2016 માં સેરેન્ડિપિટી કલા મહોત્સવનું આયોજન કયા રાજ્યમાં થયેલ હતું ?

(A) મહારાષ્ટ્ર
(B) ગોવા
(C) રાજસ્થાન
(D) હિમાચલ પ્રદેશ

097. ડિસેમ્બર, 2016 માં સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય ધોરીમાર્ગો તથા રાજ્ય ધોરીમાર્ગો પર આવેલ શરાબની દુકાનો બંધ કરવાનો આદેશ કરેલ છે, તે ક્યારથી લાગુ પાડવામાં આવનાર છે ?

(A) તા. 1-4-2017
(B) તા. 1-6-2017
(C) તા. 1-4-2018
(D) તા. 1-5-2017

098. મહિલા હોકી જુનિયર વિશ્વ કપ 2016 નું આયોજન ક્યાં કરવામાં આવેલ હતું ?

(A) આર્જેન્ટિના
(B) ચિલી
(C) નેધરલેન્ડ
(D) ઓસ્ટ્રેલિયા

099. 'ક' યાદીમાં દર્શાવેલ વ્યક્તિઓની 'ખ' યાદીમાં દર્શાવેલ પદો પરની નિમણૂકને યોગ્ય રીતે જોડીને વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (I) શૌકત મિરજિયોયેવ | (1) સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ |
| (II) સાકિલ નિસાર | (2) ન્યૂઝીલેન્ડના નવા પ્રધાનમંત્રી |
| (III) બિલ ઈંગ્લીશ | (3) પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધિશ |
| (IV) એંતોનિયો ગુતેરેસ | (4) ઉઝબેકિસ્તાનના નવા રાષ્ટ્રપતિ |

(A) (I) - (4), (II) - (2), (III) - (3), (IV) - (1)
(B) (I) - (3), (II) - (4), (III) - (2), (IV) - (1)
(C) (I) - (2), (II) - (3), (III) - (4), (IV) - (1)
(D) (I) - (4), (II) - (3), (III) - (2), (IV) - (1)

100. ડિસેમ્બર 2016 માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે કયા દેશને પરાજિત કરીને "એશિયા કપ ટ્વેન્ટી" હાંસલ કરેલ છે ?

(A) બાંગ્લાદેશ
(B) શ્રીલંકા
(C) પાકિસ્તાન
(D) નેપાળ